| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૯/૦૧/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૩/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૧,૪૩,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૪૭ લીટર દેશી દારૂ, ૩૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૮,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૬/૨૦૨૩

**સાયબર ક્રાઈમ**ઃ ચિરાગ સ/ઓ અશોકકુમાર શર્મા (ઉ.વ.૩૦) (રહે. કળશ બંગ્લો, ઓ.એન.જી.સી અવની ભવન પાસે, વિસત સર્કલ પાસે ચાંદખેડા) એ તા.૨૮/૦૧/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૭૨૫૯૦૨૯૬૭ ના ધારકે ગુજરાત સમાચારના મુંબઇ આવૃતીમાં "કેનેડા/યુએસએ/યુકે હોટેલ/મોલ માટે સ્ટાફ પગાર ૨,૫૦,૦૦૦/- (કોઇ એડવાન્સ પેમેન્ટ નહી) ૨૪ મહિનાની વર્ક પરમીટ (ફ્રી વિઝા) માટે સંપર્ક માટે નંબર ૯૭૨૫૯૦૨૯૬૭ જાહેરાત આપતા ચિરાગ શર્માએ તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ જાહેરાતમાં જણાવેલ સંપર્ક નંબર ઉપર કેનેડાના વર્ક પરમીટ વિઝા મેળવવા કોન્ટેક કરતા તેઓએ પોતાની ઓળખ ડી.કે.પટેલ બોલતા હોવાની આપી કેનેડાના વર્ક પરમીટ વિઝા મેળવવા જરૂરી દસ્તાવેજ મેળવી લઈ કેનેડાના વર્ક પરમીટ વિઝા મેળવવા બેલેન્સ બતાવવાના નામે આઇ.ડી.એફ.સી બેંકમાં ખાતુ ખોલાવડાવી તેમા રૂપિયા ૮,૦૦,૦૦૦/- જેટલી રકમ ભરાવડાવી બાદમાં તેમા આઈસીઆઈસીઆઈ બેંકના ખાતાનુ બેનીફીશીયરી તરીકે એડ કરાવી વિઝા પ્રોસેસ કરી આપવાના બહાને ટીમ વ્યુઅર ક્વિક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી કોડ મેળવી લઇ ચિરાગ શર્માના ફોનનો એક્સેસ મેળવી લઇ ફોનમાંથી આઇ.ડી.એફ.સી. બેંકની ઓનલાઇન બેંકીંગની એપ્લીકેશન ચાલુ કરી તેનો પાસવર્ડ ચેન્જ કરી તેનો એક્સેસ મેળવી આઇ.ડી.એફ.સી. બેંકના ખાતામાંથી જુદા-જુદા ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૭,૯૬,૦૦૦/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૭/૨૦૨૩**

**સરખેજઃ** ભાવેશભાઇ સ/ઓ રમણીકલાલ દોશી (રહે. પાર્વતી પાર્ક ઠાકોર પાર્ક સોસાયટી પાસે ફતેપુરા પાલડી) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૨૮/૦૧/૨૦૨૩ કલાક ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલ શિવમ એસ્ટેટમાં દુકાન નં-૪૫ પારસ ઓટો પાર્ટ નામની દુકાનનું શટર ઉંચુ કરી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**મણીનગરઃ** વિજયકુમાર રજનીકાંત સોની (રહે. શ્યામવિલા ફ્લેટ રતીલાલ હોલ પાસે ભૈરવનાથ રોડ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૩ રાતના ૨/૦૦ થી કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, મોબાઈલ ફોન તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૮/૨૦૨૩**

**અમરાઈવાડીઃ** પંકજભાઇ જમનાદાસ મકવાણા (રહે.સુષ્ટી એપાર્ટમેન્ટ પટેલ સોસાયટી રમુજી મેમોરીયલ હોલની સામે જવાહર ચોક મણીનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૩ સવારના ૧૧/૧૫ થી ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી શ્રમજીવી વસાહત રામદેવપીરના મંદિર સામે પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ પંકજભાઈ મકવાણાની નજર ચુકવી કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી. બેગમાં રોકડ રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** નિકુંજભાઇ યોગેન્દ્રભાઇ શર્મા (રહે.કાવેરી સોહમ દિવ્ય જ્યોત સ્કુલની બાજુમાં એસ.પી.રિંગ રોડ શીલજ) એ તા.૨૮/૦૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૩ સાંજના ૫/૩૦ થી ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર સંજીવની હોસ્પિટલ પાસે સન રાઇઝ પાર્ક સોસાયટી સામે આવેલ વન-વે નામની કપડાના શો-રૂમ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ, ટેબલેટ, બ્લુટુથ હેન્ડસેટ તથા પર્સ મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઇસ્માઈલખાન ચલાવે છે.

**કાગડાપીઠ**: મુક્તાબહેન વા/ઓ જીગરભાઈ સોલંકી (ઉ.વ.૨૧) (રહે. બેતાલીસની ચાલી દબાણ ગોડાઉન સામે ખોડીયારનગર સામે બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૩ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે એસ.ટી ગીતા મંદિર બસ સ્ટેન્ડ પ્લેટ ફોમ નંબર-૬ આગળ બસમા બેસતી વખતે અજાણી વ્યક્તિએ મુક્તાબહેન સોલંકીની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૯/૨૦૨૩</u>**

**એલીસબ્રીજઃ** જમનાબહેન સવાભાઇ પરમાર (ઉ.વ.૪૪) (રહે. ગુલબાઇ ટેકરા મોડા દેવાનો વાસ નવરંગપુરા) તા.૨૮/૦૧/૨૦૨૩ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પાંજરાપોળ સર્કલ પાસે ફુટપાથ પર ચુલા પર રસોઇ બનાવતા હતા ત્યારે દાજી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.બારીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦/૨૦૨૩</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** મુકેશભાઇ અજયપાલસિંહ શેખાવત (ઉ.વ.૪૬) (રહે. વણઝર ગામ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે ઘાટ નંબર-૧૧ રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર દુરબીનસીંહ ચલાવે છે.

**આનંદનગરઃ** હીતેશ જયંતીભાઈ વાઘેલા (ઉ.વ.૨૪) (રહે. કૃષ્ણધામ ઓડાના મકાન વિભાગ-૨ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૧)** સુભાષભાઈ અરવિંદભાઈ વેકરીયા (ઉ.વ.૨૯) (રહે. ડાહ્યાલાલ પાર્ક વિક્રમ પાર્ક રોડ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ઉત્તમનગર કેનાલ પાસે ઓલ ઇન વન મોલ નામની સાઇકલની દુકાનમાં છતના હુકમાં રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઋષીરાજસિંહ જીતુભા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૨)** ક્રિશ સ/ઓ મહેન્દ્રભાઈ સોની (ઉ.વ.૧૨) (રહે. રાધિકા વિહાર સોસાયટી પંજાબ નેશનલ બેંક સામે બાપા સિતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૩ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારી સાથે સ્કૂલ બેલ્ટ બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને પામ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી